# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની સાથે મુલાકાત કરશે.

2) અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયો 23 મેથી ભારતની ચાર દિવસની મુલાકાતે આવશે.

3) એક રાષ્ટ્ર એક ચૂંટણીની સંયુક્ત સંસદીય સમિતિના સભ્યો આજે ગુજરાતનાં મુખ્યમંત્રી અને વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને મળશે.

4) સર્વોચ્ચ અદાલતે હડકાયા શેરી શ્વાસને જરૂર જણાયતો ઇન્જેક્શન આપીને મૃત્યુ નિપજાવવાની મંજૂરી આપી.

5) DGCAએ તેના અધિકારીઓની હાજરીમાં એર ઇન્ડિયા બોઇંગ 787 ફ્યુઅલ કંટ્રોલ સ્વીચોના નિરીક્ષણનો આદેશ આપ્યો.

6) IPL ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો મુંબઈ ઈન્ડિયન્સ સામે થશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM ITALY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે રાત્રે ઇટાલીની સત્તાવાર મુલાકાતે રોમ પહોંચ્યા હતા. એરપોર્ટ પર ઇટાલીના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ અને આંતરરાષ્ટ્રીય સહકાર મંત્રી એન્ટોનિયો તાજાનીએ શ્રી મોદીનું સ્વાગત કર્યું.

શ્રી મોદી ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની અને રાષ્ટ્રપતિ સર્જિયો માટારેલા સાથે વાતચીત કરશે અને તેમની સાથે ભારત-ઇટાલી સહયોગને કેવી રીતે વધારવો તેના પર ચર્ચા કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આ મુલાકાતને આવરી લેતો અહેવાલ સાંભળીએ...

**VC- SUPRNA**

રોમ પહોંચતા પહેલા, પ્રધાનમંત્રી નોર્વેના ઓસ્લોમાં હતા, જ્યાં તેમણે ત્રીજી ભારત-નોર્ડિક સંમેલનમાં ભાગ લીધો હતો. આ બેઠક બાદ નોર્ડિક રાષ્ટ્રોના નેતાઓ સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધી હતી.

**BYTE: PM-MODI-ON-GREEN-TECHNOLOGY**

# MARCO RUBIO INDIA VISIT

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો 23 મેથી ભારતની ચાર દિવસની મુલાકાતે આવશે. આ તેમની ભારતની પ્રથમ મુલાકાત હશે. અમેરિકાના વિદેશ

વિભાગે જાહેરાત કરી કે, રૂબિયો કોલકાતા, આગ્રા, જયપુર અને નવી દિલ્હી જશે. જ્યાં તેઓ વરિષ્ઠ ભારતીય અધિકારીઓ સાથેની બેઠકો દરમિયાન ઊર્જા, સુરક્ષા, વેપાર અને સંરક્ષણ સહયોગ અંગે ચર્ચા કરશે.

નવી દિલ્હીમાં અમેરિકન દૂતાવાસે જણાવ્યું કે, રુબિયો નવી દિલ્હીમાં 26 મેના રોજ યોજાનાર ક્વાડ જૂથની બેઠકમાં હાજરી આપશે. ક્વાડ જૂથમાં ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકા સામેલ છે. ભારત આવતા અઠવાડિયે ક્વાડ વિદેશમંત્રીઓની બેઠકનું આયોજન કરવા માટે તૈયાર છે. વિદેશમંત્રી એસ જયશંકર આ બેઠકની અધ્યક્ષતા કરશે.

# PUTIN - DELHI BRICS

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન આ વર્ષે નવી દિલ્હીમાં ભારતના અધ્યક્ષતામાં યોજાનારી બ્રિક્સ સમિટમાં હાજરી આપશે તેવી પુષ્ટિ ક્રેમલિન દ્વારા આપવામાં આવી છે. દક્ષિણ આફ્રિકામાં રશિયન દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક સંદેશમાં કહ્યું કે, શ્રી પુતિન 12 થી 13 સપ્ટેમ્બર દરમિયાન સમિટમાં હાજરી આપશે.

ઉલ્લેખનીય છે કે, એક વર્ષથી ઓછા સમયમાં શ્રી પુતિનની આ બીજી ભારત મુલાકાત હશે. તેઓ ગયા વર્ષે ડિસેમ્બરમાં યોજાયેલા 23મા ભારત-રશિયા વાર્ષિક સમિટ માટે નવી દિલ્હીમાં આવ્યા હતા.

# ONE NATION –ONE ELECTION

એક રાષ્ટ્ર એક ચૂંટણીની સંયુક્ત સંસદીય સમિતિના સભ્યો આજે ગુજરાતનાં મુખ્યમંત્રી અને વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને મળીને તેમના વિચારો અને મંતવ્યો જાણશે.

આ સમિતિ ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે છે. ગઇકાલે દિવસ દરમિયાન અલગ અલગ અધિકારીઓએ સમિતિ સમક્ષ અલગ અલગ મુદ્દાઓ રજૂ કર્યા હતા. આ સમિતિના સભ્યો રાજ્યના મુખ્ય સચિવ તથા ડિજીપી સહિતના ઉચ્ચ અધિકારીઓને મળ્યા હતા અને તેમના વિચારો અને મંતવ્યો જાણ્યા હતા.

ગઇકાલે સાંજે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં સંસદની સંયુક્ત કમિટીના પી પી ચૌધરી જણાવ્યું હતું કે, તમામ ચૂંટણીઓ એક સાથે થાય એવો મત તમામ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

# SC

સર્વોચ્ચ અદાલતે પહેલી વાર હડકાયા, અસાધ્ય બીમાર અને ખતરનાક શેરીમાં ફરતાં શ્વાનોને જરૂર જણાય તો ઇન્જેક્શન આપીને મૃત્યુ નિપજાવવાની મંજૂરી આપી છે, જેમાં માનવ જીવન અને જાહેર સલામતીનું રક્ષણ કરવાની જરૂરિયાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ન્યાયાધીશ વિક્રમ નાથ, ન્યાયાધીશ સંદીપ મહેતા અને ન્યાયાધીશ એન. વી. અંજારિયાની બનેલી બેન્ચે દેશભરમાં વધતી જતી રખડતા શ્વાનોની વસ્તી માટે શ્રેણીબદ્ધ નિર્દેશો જારી કર્યા હતા.

**બેન્ચે જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ સંસ્થાઓ એવા વિસ્તારોમાં મૃત્યુ નિપજાવવાની મંજૂરી લઈ શકે છે જ્યાં રખડતા શ્વાનોની વસ્તી ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે અને જ્યાં વારંવાર શ્વાન કરડવાથી અથવા આક્રમક હુમલાઓ જાહેર સલામતીને જોખમમાં મૂકે છે.**

**દિલ્લીમાં ખાસ કરીને બાળકોમાં રખડતા શ્વાન કરડવા અને હડકવાના કેસોની ઘટનાઓને પ્રકાશિત કરતા મીડિયા અહેવાલો બાદ ગયા વર્ષે 28 જુલાઈના રોજ શરૂ કરાયેલા સુઓ મોટો કેસમાં આ આદેશ આવ્યો હતો.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PM MUSEUM 3 D

**નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી સંગ્રહાલયના મુલાકાતીઓ મહાત્મા ગાંધીના AI-આધારિત 3D અવતાર સાથે વાર્તાલાપ કરી શકશે. અત્યાધુનિક ટેકનોલોજીથી બનેલ આ 3D અવતાર ગાંધીના વિચારો અને વ્યક્તિત્વને જીવંત બનાવશે.**

સંગ્રહાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુલાકાતીઓના અનુભવને વધારવા માટે ટેકનોલોજીનો ઉપયોગ વધારવામાં આવ્યો છે. આ સંગ્રહાલયનું ત્રીજું AI-આધારિત ઇન્ટરેક્ટિવ હોલોબોક્સ હશે.

અગાઉ, સરદાર વલ્લભભાઈ પટેલ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામના AI હોલોબોક્સ પણ સંગ્રહાલયમાં રજૂ  કરવામાં આવ્યા છે. ટૂંક સમયમાં, ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીનું પણ AI-આધારિત હોલોબોક્સ રજૂ કરાશે.

# NADDA – GENEVA

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ જીનીવામાં વિશ્વ આરોગ્ય સભામાં સાર્વત્રિક આરોગ્ય, ડિજિટલ આરોગ્ય નવીનતા અને વૈશ્વિક આરોગ્ય એકતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

"વૈશ્વિક આરોગ્યનું પુનર્નિર્માણ - એક સહિયારી જવાબદારી" વિષયવસ્તુ પર પર બેઠકને સંબોધતા, શ્રી નડ્ડાએ "સંપૂર્ણ સરકાર" અને "સંપૂર્ણ સમાજ" અભિગમ પર આધારિત સાર્વત્રિક આરોગ્ય તરફ ભારતની પ્રગતિ પર પ્રકાશ પાડ્યો.

આરોગ્ય મંત્રીએ એમ પણ જણાવ્યું કે, કેન્દ્ર સરકારે દેશભરમાં 1 લાખ 85 હજારથી વધુ આયુષ્માન આરોગ્ય મંદિરો સ્થાપિત કર્યા છે. આ પ્રસંગે, શ્રી નડ્ડાએ ભૂટાન તેમજ નેપાળના આરોગ્ય મંત્રીઓ સાથે મુલાકાત કરી.

# DGCA

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય - DGCAએ અધિકારીઓની હાજરીમાં ઓરિજિનલ ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર સુવિધા ખાતે એર ઇન્ડિયા બોઇંગ 787-8 વિમાનના ફ્યુઅલ કંટ્રોલ સ્વીચનું નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો છે.

DGCAના જણાવ્યા અનુસાર આ વર્ષે 2 ફેબ્રુઆરીના રોજ લંડન હીથ્રો એરપોર્ટથી બેંગલુરુ જતી ફ્લાઇટ ચલાવ્યા પછી એર ઇન્ડિયાના બોઇંગ 787-8 વિમાનને ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યું હતું.

# RAILWAY

ભારતીય રેલ્વેએ તેના બ્રોડગેજ નેટવર્કનું 99.6 ટકા વીજળીકરણ પૂર્ણ કરીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ વર્ષે માર્ચ સુધીમાં 69 હજાર 873 કિલોમીટરથી વધુ બ્રોડગેજ રેલ્વે લાઇનનું વીજળીકરણ કરવામાં આવ્યું હતું.

આ સિદ્ધિ સાથે ભારતે યુરોપિયન સંઘ, બ્રિટન અને અમેરિકા સહિત ઘણા મોટા દેશોને પાછળ છોડી દીધા છે.

# IPL

**IPL ક્રિકેટમાં ગઇકાલે રાજસ્થાન રોયલ્સે લખનૌ સુપર જાયન્ટ્સને 7 વિકેટથી હરાવ્યું.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલ....**

**VC- ANAND PATHAK**

*(આ જીત સાથે રાજસ્થાનની પ્લેઓફમાં પહોંચવાની શક્યતા જીવંત રહી. લખનૌ સુપર જાયન્ટ્સે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 220 રન બનાવ્યા. જેમાં મિશેલ માર્શે 96 અને જોશ ઇંગ્લિસે 60 રન બનાવ્યા. રાજસ્થાન રોયલ્સ તરફથી યશ રાજ પુંજાએ બે વિકેટ ઝડપી.*

*જવાબમાં રાજસ્થાન રોયલ્સે 5 બોલ બાકી રહેતા 7 વિકેટ ગુમાવીને 221 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. જેમાં વૈભવ સૂર્યવંશીએ 93, ધ્રુવ જુરેલે 53 અને કેપ્ટન યશસ્વી જયસ્વાલે 43 રનનું યોગદાન આપ્યું. વૈભવ સૂર્યવંશીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. IPL ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો મુંબઈ ઈન્ડિયન્સ સામે થશે. આ મેચ કોલકાતામાં સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.)*

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1. આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે..
2. દિવ્ય ભાસ્કર પ્રથમ પાના પર લખે છે પેટ્રોલ- ડીઝલના ભાવ હવે 90 પૈસા વધ્યા, 5 દિવસમાં 3.90 રૂપિયાનો વધારો....સુપ્રિમ કોર્ટ. ખતરનાક કૂતરાને મારો.. ડર વિના જીવવાનો દરેકને અધિકાર....
3. સંદેશ લખે છે રસ્તે રખડતા ખતરનાક કૂતરાઓને મોતના ઈન્જેક્શન આપો- સુપ્રિમ કોર્ટ.
4. ગુજરાત સમાચારની હેડલાઈન છે ઈરાન પર હુમલો કરવાનો હતો, પણ માંડી વાળ્યું – ટ્રમ્પ... લીક થયેલુ નીટનું પેપર ખરીદનારા વિદ્યાર્થીઓને ત્યાં પણ સીબીઆઈ ત્રાટકી..
5. હોર્મુંઝ ખોલાવવા તૈનાતીની તૈયારીમાં નાટો આ હેડલાઈન છે ફૂલછાબની.
6. સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો અમૂલે દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે 10 રૂપિયાનો વધારો કર્યો.. ડીઝલના ભાવ વધ્યા છતા ખાનગી લક્ઝરી બસોના ભાડા નહીં વધારાય..આજે ગુજરાત સહિત દેશભરના 12.4 લાખ કેમિસ્ટ હડતાલ પાડશે.. ગુજરાતના 35 હજાર મેડિકલ સ્ટોર્સ બંધ રહેશે..